## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હુ તો હાલ યુદ્ધ રોકી દો... એમ કહી દઉ... પણ એ સાલા મારુ માને નહીં ને...?!

# ડભોડા ત્રણ ભાઈઓએ વડીલ પર હુમલો કરી મુઢમાર માર્યો

ડભોડા પંચાલ વાસ ખાતે પાણીનો ખાડો પુરવા જેવી સામાન્ય બાબતે ત્રણ ભાઈઓએ વડીલ પર હુમલો કરી ગળામાં તેમજ છાતીના ભાગે ઘસરકા જેવા નિશાન અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ડભોડા પંચાલવાસ ખાતે રહેતા ૬૫ વર્ષિય ભરતભાઈ અમૃતભાઈ પંચાલ તેમના પત્ની અને પુત્ર-પુત્રવધુ સાથે રહે છે અને અગરબત્તીનો છુટક વેપાર કરી જીવન ગુજારે છે. બપોરના પોણા બાર વાગ્યાના સુમારે તેઓ અગરબત્તીની લારી પરથી ઘરે જમવા માટે આવી રહ્યા હતા. તે સમયે વડીલના ઘર પાસે અશ્વિન પંચાલ, પંકજ પંચાલ અને પ્રકાશ પંચાલ ત્રણેય ભાઈઓ વડીલને કહેવા લાગ્યા કે તમે પાણીનો ખાડો કેમ પુરતા નથી તેમ કહી ગાળાગાળી કરી ઘર પાસે આવ્યા હતા. ત્યારબાદ વધુ ઉશ્કેરાઈને પંકજ પંચાલે વડીલનું ગળુ દબાવવાની કોશીશ કરી હતી.જયારે પંકજ અને અશ્વિને ધક્કા મારી નીચે પાડી દઈને ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે હોહા થતા વડીલના પરિવારના સભ્યો, પાડોશીઓ તેમજ વેપારીઓએ વચ્ચે પડીને વધુ મારમાંથી છોડાવ્યા હતા.

# ગાંધીનગર બ્રહ્મસમાજના નવ નિયુક્ત હોદેદારોએ સમાજ ઉત્થાનના સંકલ્પ સાથે શપથ લીધા

**સમાજના પરિવારોને વધુ સંગઠીત કરવાની સાથે યુવાનોને રોજગારી આપવા પ્રયત્નશીલ રહીશુ : પ્રમુખ નરેશ દવે : સમાજની સાથે દેશના વિકાસમાં પણ યોગદાન આપીશુ : સમાજના તમામ સભ્યોને કાર્ડ આપીશુ : નવા વરાયેલા હોદેદારોનુ સન્માન કરાયુ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર બ્રહ્મસમાજના નવ નિયુક્ત હોદેદારોએ આજે સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે શપથ લીધા હતા. શપથવિધિ સમારોહ દરમિયાન સમાજના નવ નિયુક્ત પ્રમુખ સહીત અન્ય હોદેદારોનુ પણ સન્માન કરાયુ હતુ. સમાજના નવ નિયુક્ત પ્રમુખ નરેશ દવેએ આ તબક્કે પરિવારાને સંગઠીત કરવાની સાથે યુવાનોને રોજગારી આપવા સહીતના સમાજ ઉત્થાનના કામો હાથ ધરવાની નેમ વ્યકત કરી હતી.

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના નવા વરાયેલા પ્રમુખ સહીતના હોદેદારોનો આજે સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. હર ..હર મહાદેવના જયઘોષ વચ્ચે નવા હોદેદારોએ સમાજ સેવાના સંકલ્પ સાથે શપથ લીધા હતા. સમાજનુ સંગઠન મજબુત બને અને સમાજ થકી દેશના વિકાસમાં પણ મહત્વનુ યોગદાન આપવા માટેનો ઉમદા વિચાર પણ મહાનુભાવોએ આ તબક્કે રજુ કર્યો હતો. સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે યોજાયેલા આ સમારોહમાં સે-૨૨ પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજીએ ગાંધીનગરના નવનિયુક્ત પ્રમુખ નરેશ દવે, મહામંત્રી મુકેશભાઈ શુક્લ, યુવા પ્રમુખ ક્રિષ્ન તુષારભાઈ જાની, મહામંત્રી તરીકે તુષાર રાવલ ઉપરાંત ઉપપ્રમુખ, સહમંત્રી, સંગઠન મંત્રી તરીકે નિયુક્ત થયેલા હોદેદારો તેમજ કારોબારી સભ્યોએ શપથ લેવાડાવ્યા હતા. આ શપથવિધી સમારોહમાં ભુવનેશ્વરી પીઠ ગોંડલના ઘનશ્યામજી મહારાજ, ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે, ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ સમાજના અગ્રણી કનૈયાલાલ પંડયા, કોર્પોરેટર ગૌરાંગ પંડયા ,નીલાબેન શુક્લ , જયશ્રીબેન ખેતિયા, મુંઝાલ રાવલ નગરના પુર્વ નગરસેવકો , સમાજના પુર્વ પ્રમુખો સહીત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓએ હાજરી આપી હતી. આ શપથવિધિ સમારોહમાં પેથાપુર, ધોળેશ્વર, વાવોલ, સે-૨૧, ૨૩, સે-૨૬, સે-૨૭ તેમજ સે-૪ ની શાખાના સભ્યો હોદેદારો અને સે-૫ શિવશકિત સોસાયટી અને વડનગરા નાગર પરિવાર, વિસનગરા નાગર પરિવારના સભ્યો ગઢીયા સમાજ તેમજ યુવાનો અને મહીલાઓ પણ વિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણીઓ તેમજ જિલ્લા મંડળના સભ્યોએ નવ નિયુક્ત પ્રમુખ અને મહામંત્રી સહીતના હોદેદારોનુ સ્વાગત કર્યુ હતુ. ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાએ જણાંવ્યુ હતુ કે સમાજનુ સંગઠન વધુ મજબુત બને તે માટે પણ સમાજે વધુ જાગૃત થવાની અનિવાર્યતા છે. આ તબક્કે ગાંધીનગર બ્રહ્મસમાજના નવ નિયુક્ત પ્રમુખ નરેશ દવેએ જણાંવ્યુ હતુ કે સમાજ વિકાસની સાથે દેશના વિકાસ માટે પણ બ્રહ્મસમાજ પ્રયત્નશીલ રહેશે. સમાજના પરિવારોને સંગઠીત કરવાની સાથે તમામને સભ્યકાર્ડ પણ આપવામાં આવશે. યુવાનોને રોજગારી આપવાની સાથે સમાજના વિકાસને ધ્યાનમાં રાખી ઝડપથી વિવિધ વિકાસ કામો પણ હાથ ધરવામાં આવશે. તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન રૂદ્રી જતીન શુકલએ ખુબ જ સુંદર રીતે કર્યુ હતુ.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં થયેલા દબાણો હટાવવા તંત્ર દ્વારા સરપંચોને જરૂરી કાર્યવાહી ઝડપથી હાથ માટેની સૂચનાઓ આપી છે.
- ગાંધીનગર શહેરમાં આંતરિક માર્ગો પહોળા કરવાની કામગીરીને લઈ સ્ટ્રીટલાઈટો જે દૂર કરાઈ છે તે તાત્કાલિક ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.
- ગાંધીનગર શહેરના રિલાયન્સ ચોકડી અને તેની આસપાસ પાણીનો વેડફાટ વધુ થતો હોવાથી લોકોમાં તંત્ર પગલાં લે તેવી માંગ ઉઠી છે.
- ગાંધીનગરમાં સમાવિષ્ટ કુડાસણ-પોર માર્ગ પહોળો કરવામાં આવે અને મરામત ઝડપથી થાય તેવી લોકોની લાગણી છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા ૯૫૯ બુથો પર અને શહેરમાં ૨૬૫ બુથો પર મન કી બાત કાર્યક્રમ નિહાળવામાં આવ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનુ સંક્રમણ ઘટી ગયુ છે અને હવે ધીરે ધીરે જનજીવન ગતિ પકડી રહ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા ભાજપની મળેલ પખવાડિક બેઠકમાં કુપોષણની સમસ્યાને લઈ ભાજપના કાર્યકરો આવા બાળકો દત્તક લેશે તેવો નિર્ણય કરવામાં આવેલ છે.

# શહેરમાં પોલિયો પલ્સ અભિયાનમાં ભારે ઉત્સાહ

**● પલ્સ પોલિયો અભિયાનમાં ૨૦૦થી વધુ**



**બાળકોનું રસીકરણ**

સરકારી વિજ્ઞાન કોલેજના એન.એસ.એસ. રેડક્રોસ સોસાયટી તેમજ ગાંધીનગર મહાનગર પાલિકાના સંયુકત ઉપક્રમે પલ્સ પોલિયો દિન નિમિત્તે ૨૦૦થી વધુ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં જીએમસી હેલ્થ મેડિકલ




ઓફિસર એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.ઉમેશ તરપદા તથા ગાંધીનગર રેડક્રોસ સોસાયટીના ચેરમેન જીલુભા ધાંધલના નેતૃત્વ હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજના એન.એસ.એસ. એકમના કુલ ૧૫ સ્વયંસેવકો દ્વારા પલ્સ પોલિયો દિન નિમિત્તે પથિકાશ્રમ બસસ્ટેન્ડ તેમજ સીટી બસ સ્ટેન્ડ ખાતે આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ બદલ સ્વયંસેવકોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

**● રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવ્યા**

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પોલિયો દિવસ નિમિત્તે બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવ્યા હતા. સેકટર-૨૪ આંગણવાડી ખાતે પોલિયો બુથ કાર્યરત કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધુ બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યા હતા. આંગણવાડીની બહેનો, આશાવર્કર, મેડીકલ સ્ટાફ અને રોટરી સદસ્યોના



સહયોગથી સે-૪ના ઝુંપડપટ્ટી વિસ્તારના બાળકોને ઘરે ઘરે સંપર્ક કરીને આંગણવાડી ખાતે લાવીને પોલિયો ડ્રોપ્સ પીવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી સંસ્થાના રાજયોગિની કૈલાસદીદી સહિત બ્રહ્માકુમારી સંસ્થાના ભાઈ-બહેન ઉપસ્થિત રહ્યા હતા. રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, કિંજલ ત્રિવેદી, રાજીવ ભંડારી, વી.એલ. પટેલ, યશવંત જોશી, ગૌરાંગભાઈ રાવલ, જયશ્રીબેન ખેતિયા દિપ્તીબેન સબાપરા સહિત અન્ય બુથ ખાતે દર્શનાબેન ત્રિવેદી, મનોજભાઈ સરૈયા દ્વારા પણ પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યા હતા.

**● રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા પોલિયો ડ્રોપ્સ કાર્યક્રમ**

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા પોલિયો દિવસ નિમિત્તે બાળકોને પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યા હતા. જેમાં સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં ઝુંપડપટ્ટીના બાળકોને, પોલિયો ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યા હતા. આ




સેવાકાર્યમાં રોટરી કલબ ઓફ ગાંધીનગરના જશવંતભાઈ ગાંધી, ડૉ. જગદીશભાઈ પટેલ, ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલે

સેવા બજાવી હતી. આ ઉપરાંત કમલભાઈ જૈન, કેતનભાઈ મહેતા, કીરણભાઈ પટેલ, સમીરભાઈ ત્રિવેદી, દિલિપભાઈ પટેલ, દિપકભાઈ મહેતા, આશાબેન સરવૈયા સહિત અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**● વોર્ડ નં. ૧૦માં પોલિયો પલ્સ અભિયાન**

ગુજરાત રાખીશું પોલિયો મુકત કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં.૧૦ના વિસ્તારોમાં પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોનાં બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. જેમાં સેકટર-૬ સરકારી પ્રાથમિક શાળા, સરસ્વતી સ્કૂલ,ભુવનેશ્વર મંદિર, સે-૭માં સરદાર પટેલ સ્કુલ, શિવશકિત મંદિર, સૌરાષ્ટ્ર પાટીદાર સમાજની વાડી, સેકટર-૮ સરકારી દવાખાનું, સેકટર-૧ ગાયત્રી મંદિર પાસે બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવો કાર્યક્રમમાં નગરસેવક મહેન્દ્રભાઈ દાસએ રૂબરૂ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં વધુમાં વધુ બાળકો લાભ લઈને ૧૦૦ ટકા બાળકો પોલિયો મુકત બને તે માટે સહભાગી થયા હતા અને શુભારંભ કરાવ્યો હતો.



પોલિયો અભિયાન અંતર્ગત સેકટર ૨૯ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૫ વર્ષ સુધીનાં ૪૧૫૬ બાળકોને પોલિયો રસીનાં બે ટીપાં પીવડાવી પોલિયો સામે રક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડીકલ ઓફીસર ડૉ. ધ્વનિ મેવાડા, કોર્પોરેટર કિંજલબેન વગેરે હાજર રહ્યા હતા.

## પેથાપુરમાં ડાભીવાસ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા રાજયોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

પેથાપુરમાં આવેલ સ્થાનિક સેવા કેન્દ્રમાં રાજયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે ખોડિયાર માતાજીના મંદિર, ડાભીવાસ, પેથાપુર ખાતે સવારે ૮ થી ૯, સાંજે ૪થી ૫ અને રાત્રે ૭ થી ૯ કલાક દરમિયાન યોજાશે. જ્ઞાનમુરલી પહેલા સાત દિવસ રાજયોગ શિબિરનું આયોજન સવારે ૮ થી ૯ અને રાત્રે ૮ થી ૯ કરવામાં આવ્યું છે. મહાઆરતીનો સમય સાંજે ૭.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત ઓનલાઈન શિબિર તથા કલાસનો લાભ મળશે. ૨૪ કલાક ટીવી પર જોવા મળતી ચેનલ પીસઓફ માઈન્ડ પર નિહાળી શકાશે.

# પાટનગરની મનપાને વિશેષ દરજ્જો આપી કરમુક્ત કરો

**ગાંધીનગરના નાગરિકોની અપેક્ષાઓ આગામી બજેટમાં સમાવવા જાગૃત નાગરિક પરિષદની માંગ**

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારના રજૂ થનારા આગામી અંદાજપત્ર માટે ગાંધીનગરના નાગરિકોએ અપેક્ષાઓ વ્યક્ત કરતાં જાગૃત નાગરિક પરિષદે સરકારને જાહેર સૂચનો કર્યા છે. આ સૂચનોમાં પાટનગર હોવાથી ગાંધીનગર મહાનગરપાલિકાને વિશેષ દરજ્જો આપીને વિશેષ આર્થિક સહાય કરવામાં આવે, જેથી ગાંધીનગર કરમુક્ત આદર્શ શહેર બની શકે, પાટનગરને "સૂર્યનગરી" બનાવવાનું વડાપ્રધાનનું સ્વપ્ન સાકાર થાય તે માટે મકાનો પર લગાવવાની સોલર પેનલ પર અપાતી રાજ્ય સરકારની સબસીડીમાં ગાંધીનગરને ૫૦ ટકા વધારો આપવામાં આવે, જેથી બાકી રહેલા મકાનો પર ૧૦૦ ટકા સોલર પેનલ લાગી શકે અને શહેરની વધેલી વસ્તીને અનુલક્ષીને તેના સેક્ટરોમાં આવેલાં શોપીંગ સેન્ટરોને રી-ડેવલપ કરવા સહિતનો સમાવેશ થાય છે.

આ સાથે જાગૃત નાગરિક પરિષદે ગાંધીનગરના ક, ખ, ગ અને ઘ રોડ પરથી મેટ્રો ટ્રેન પસાર થવાની નથી તેથી આ માર્ગો પર વિદેશોમાં સફળતાપૂર્વક ચાલતી લાઈટ ટ્રાવેલિંગ રેઈલ (એલટીઆર) મંજૂર કરવા, દરેક સેક્ટરમાં સ્વતંત્ર શાકમાર્કેટ વિકસાવવા, સ્માર્ટ સિટી યોજના અંતર્ગત સેક્ટર ૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટર અને અપના બજાર વચ્ચેના સરકારી ક્વાટર્સ દૂર કરીને ઉપલબ્ધ થનારી જગ્યા પર વિશાળ પાર્કીંગ સાથે અધ્યતન, આકર્ષક શોપીંગ સેન્ટરનું નિર્માણ કરવા, પાટનગરનું બસ સ્ટેશન અમદાવાદ, વડોદરા અને રાજકોટના ધોરણે વિકસાવી "બસ પોર્ટ" બનાવવા, વાહન વ્યવહારની સુગમતા વધારવા અને અકસ્માતો ઘટાડવા "ક"થી "જ" રોડની બન્ને બાજુ સર્વિસ રોડ વિકસાવવા, લોકમાતા સાબરમતી નદીને સંપૂર્ણ પ્રદૂષણ રહિત સ્વચ્છ બનાવવા માટે વિશેષ કાર્યક્રમ ભારત સરકારની સહાયથી અમલમાં મૂકવા સહિતના સૂચનો કર્યા છે. વળી પરિષદે સાબરમતી રિવરફ્રન્ટ યોજનાને ગાંધીનગર સુધી લંબાવવા, ગ્રામ વિસ્તારમાં આવેલી શાળાઓના મકાનને રીડેવલપમેન્ટ કરવાનો, વર્ગખંડો વધારવાનો અને શાળાઓમાં અદ્યતન સુવિધાઓ પૂરી પાડવા, અને શહેરમાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરવા પણ સૂચન કર્યું છે.

# લોન અંગે મારા પિતાજીને જાણ કેમ કરી કહી યુવકે ધમકી આપી

ગાંધીનગર, તા.

માત્ર સાત દિવસ માટે લોન લઈ ૧૫ દિવસ વધુ થઈ ગયા હોવા છતા પૈસા ન ભરીને મોબાઈલ કે મેસેજના જવાબ ન આપતા રેફરન્સમાં આપેલા નંબર પર મેસેજ મોકલ્યો હતો. રેફરન્સવાળા ભાઈએ લોન મુદ્દે લોન લીધેલા વ્યકિતને કોલ કરીને જાણ કરતા પૈસા અંગે વાત કરવાની નહી કહી ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ તેના દિકરાએ રાત્રીના સમયે કોલ કરીને ગાળો બોલી ધમકી આપતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક ઉનાવા ગામના અને સેકટર-૨૯ હરીનારાયણ ફ્લેટ પ્લોટ નં.૨૦૯.જી.૧. ખાતે રહેતા રાજેશકુમાર કાંતીલાલ પટેલ પોતાના પરીવાર સાથે રહે છે. જયારે રાજેશકુમાર ઘ-૬ પાસે આરતી મોટર ડ્રાઈવીંગ સ્કુલ ચલાવે છે. ગત તા.૨૫ ફેબ્રુઆરીના રોજ તેઓ ઘરે હતા, તે સમયે તેમના મોબાઈલ પર વોટ્સએપ મેસેજ આવ્યો હતો.જેમાં દિનેશપુરી સુખદેવપુરી ગોસ્વામી એ અમારા ત્યાંથી સાત દિવસ માટે લોન લીધી હતીઅને તેઓ પંદર દિવસ મોડા છે. તે ઉપરાંત તેઓ ફોન કે મેસેજના જવાબ આપતા નથી. તેઓએ રેફરન્સમાં તમારો નંબર આપ્યો હતો. દિનેશપુરી ગોસ્વામી સમયસર પૈસા ભરી દે તે માટે તેઓને જાણ કરજો નહીતર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ દિનેશપુરી અને તેમના દિકરા સુનિલને પહેલેથી ઓળખતા હોવાથી રાજેશ પટેલે ફોન કરી જણાવ્યું હતું કે તમે બેંકમાંથી લોન લઈને ભરતા નથી અને બેંકના મેસેજ મારી પર આવે છે,તેમ આવુ શા માટે કરો છો. તેમ કહી રાજેશભાઈને પણ રૂપીયા લેવાના હોવાથી વાતચીત કરતા પૈસાની વાત કરવાની નહી તેમ કહી દિનેશપુરીએ ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ તેમના દિકરા સુનિલ ગોસ્વામીનો ફોન રાત્રીના નવ વાગ્યાની અરસામાં આવ્યો હતો. તે સમયે સુનિલ ફોન પર કહેલા લાગ્યો કે તે મારા પિતાજીને ફોન કરી લોન અંગે જાણ કેમ કરી તેમ કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી રાજેશ પટેલે ગાળો બોલાવાની ના પાડતા વધુ ઉશ્કેરાઈને હાલ તું કયા છે હું ત્યા આવુ છુ. તેવી ગર્ભિત ધમકી આપતા સેકટર-૨૬ કિસાનનગર રેલ્વે ફાટક પાસે રહેતા સુનિલ ગોસ્વામી સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## ગૌ-સંવર્ધન કેન્દ્ર-સાદરામાં દૈનિક ૨૪ કિ.ગ્રામ દૂધ આપતી દર્પણ ગાય

૧૯૨૦માં મહાત્મા ગાંધીએ કેળવણી માટે ગૂજરાત



વિદ્યાપીઠની સ્થાપના કરી, છાત્રાલયો સાથે શિક્ષણકાર્ય શરૂ થયું. જ્યાં છાત્રાલય ત્યાં ગૌશાળાના ગાંધીજીના વિચારે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલની સીધી દેખરેખ હેઠળ ગૌ-સંવર્ધન કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે. જેમાં દર્પણ નામની ગાય દૈનિક ૨૪ કિ.ગ્રામ દૂધ ઉત્પાદન ક્ષમતા ધરાવતી ઉત્તમ ગાયનો ઉછેર કરવામાં આવી રહ્યો છે. ગોવાળ જીવણ રબારી અને નિતા રબારી આ પ્રવૃત્તિમાં ગળાડૂબ નિષ્ઠાથી કામગીરી કરી રહ્યા છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય કાર્યક્રમ મનકી બાત કાર્યક્રમ ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે વોર્ડનં.૧૦ના બુથ નંબર ૧૨૮માં યોજાયો હતો.